# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'એમએસએમઇ ફન્ડીંગ – એન અલ્ટર્નેટીવ સોર્સ ઓફ રેઝીંગ ફન્ડ્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૪ મે, ૨૦૨૧ના રોજ 'એમએસએમઇ ફન્ડીગ – એન અલ્ટર્નેટીવ સોર્સ ઓફ રેઝીગ ફન્ડ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નેશનલ સ્ટોક એકચેન્જના વાઇસ પ્રેસિડેન્ટ આશિષ ગોયલે ઉદ્યોગકારોને નેશનલ સ્ટોક એકસચેન્જ દ્વારા લઘુ ઉદ્યોગો માટે ફંડ રેઝ થાય એવા યુનિક પ્રોડકટની વિસ્તૃત માહિતી આપી હતી.

આશિષ ગોયલે જણાવ્યું હતું કે હાલની સ્થિતિમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થઇ રહયા છે. લઘુ ઉદ્યોગો માટે સૌથી મોટો પડકાર ફંડ સંબંધિત છે. કારણ કે, મોટા ભાગના લઘુ ઉદ્યોગો ફંડ માટે બેંકો ઉપર નિર્ભર રહેતા હોય છે. જ્યારે કેટલાક પ્રાઇવેટ ફન્ડીગ પર આધાર રાખે છે. એવા સંજોગોમાં નેશનલ સ્ટોક એકસચેન્જ એ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને મલ્ટીપલ ફંડ રેઝીગ ઉપલબ્ધ કરાવે છે. તેમણે નેશનલ સ્ટોક એકસચેન્જના ચાર એવા મોડલ વિશે માહિતી આપી હતી કે જે એમએસએમઇને સપોર્ટ કરી શકે છે.

દેશમાં એસએમઇ લીસ્ટીગમાં ૨૧૭ જેટલી કંપનીઓ લીસ્ટીગ થઇ છે. જેના થકી આશરે રૂપિયા ૩૨૦૦ કરોડનું ફંડ ઉભું થયું છે. આ કંપનીઓમાંથી ૬૮ જેટલી કંપની સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહયું છે. લીસ્ટીગ બાદ આ કંપનીઓને મલ્ટીપલ લાભો પણ થાય છે. જેમાં વિઝીબિલિટી, ક્રેડીબિલિટી, બિઝનેસ ગ્રોથ અને ફન્ડીગ વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

તેમણે નવા મોડલ વિશે માહિતી આપતા કહયું કે, નવું મોડલ ઇલેકટ્રોનિક બિલ ડિસ્કાઉન્ટીંગ સંબંધિત છે. આ ઇલેકટ્રોનિક બિલ ડિસ્કાઉન્ટીંગ મોડલ એ એમએસએમઇ ગ્રોથ માટે રાહત દરે ઓકશન પ્રોસેસ થકી ફંડ ઉપલબ્ધ કરાવે છે. સાથે જ નિર્યાતકારો અને આયાતકારો માટે ફોરેન એકસચેન્જ હેજીંગ, ટ્રેજડી અને ઇન્વેસ્ટમેન્ટ માટે સુવિધા ઉપલબ્ધ કરાવે છે. તેમણે નેશનલ સ્ટોક એકચેન્જના પ્લેટફોર્મ તથા અન્ય સોર્સ ઓફ ફન્ડીગ વિશે પણ ઉદ્યોગકારોને વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ વેબિનારનું સંચાલન કર્યુ હતું. સીએ ચેતન વ્યાસે વેબિનારમાં પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન અયુબ યાકૂબઅલીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.